રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
બ્લોક નં. ૧૦/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
સેક્ટર-૧૦, ગાંધીનગર. ફોન નં. ૦૭૯ ૨૩૨૫૩૮૬૮
Email : rcs@gujarat.gov.in

International Year of Cooperatives 2025
Cooperatives Build a Better World

<u>કારણ દર્શક નોટીસ.</u>

<u>વંચાણે લીધા:-</u>

(૧) ગુજરાત સહકારી મંડળીઓ,અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૭૬(બી) ની જોગવાઇઓ,

(૨) જીલ્લા રજીસ્ટ્રાર (ઇન્સ્પેક્શન) સહકારી મંડળીઓ, રાજકોટ ટીમ-૨ નો તા.૧૪/૦૯/૨૦૨૬ ના પત્ર ક્રમાંક:તપસ/૬૧/૨૦૨૬ થી રજુ થયેલ અધિનિયમ ની કલમ-૭૬(બી) અન્વયે ખાસ અહેવાલ.

(3) સંયુક્ત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક, સહકારી મંડળીઓ(વિભાગીય), ભાવનગર ના **Letter No:JRSACSDBVN/0039/03/2026**, તા.**30-03-2026** નો કલમ-૮૬ નો તપાસ અહેવાલ

(૪) ધી ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી.ભાવનગર ના વહીવટ સંદર્ભે મળેલ વિવિધ રજુઆતો.

(૫)ધી ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી.ભાવનગર માં થયેલ સાયબર ફ્રોડ અંગે મળેલ રજુઆત તથા તે પરત્વે બેંક દ્વારા કરવામાં આવેલ અહેવાલ.

(૬)ધી ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી.ભાવનગર માં ખોટી એચ.આર.પોલીસી બાબતે મળેલ અલગ અલગ રજુઆતો તથા તે પરત્વે બેંક દ્વારા કરવામાં આવેલ અહેવાલ.

વિષય :- ધી ભાવનગર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ભાવનગર ના ચેરમેન,વાઇસ ચેરમેન, ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસરશ્રી, જનરલ મેનેજર શ્રી, તરીકે ની ફરજો માં બેદરકાર રહેવા બદલ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ની કલમ-૭૬ (બી) હેઠળ કારણ દર્શક નોટીસ.

<u>પ્રસ્તાવના:-</u>

ધી ભાવનગર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. ભાવનગર (જેનો હવે પછી " બેંક " તરીકે ઉલ્લેખ કરેલ છે.) એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (જેનો હવે પછી "અધિનિયમ" તરીકે ઉલ્લેખ કરેલ છે.) અન્વયે નોંધાયેલ તથા ભારતીય રીઝર્વ બેંક દ્વારા લાયસન્સ પ્રાપ્ત જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક છે. જેનો નોંધણી નં.૨૪૯૩૭,તા. ૨૪/૦૪/૧૯૫૯ છે.

સદર બેંક નો વહીવટ બેંક ના હોદ્દેદારો તથા અધિકારીઓ દ્વારા અધિનિયમ તથા તે હેઠળ ના ગુજરાત સહકારી મંડળીઓ ના નિયમો-૧૯૬૫ (જેનો હવે પછી " નિયમ/નિયમો " તરીકે ઉલ્લેખ કરેલ છે.), રીઝર્વ બેંક તથા રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (જેનો હવે પછી "નાબાર્ડ" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) દ્વારા આપવામાં આવતી ગાઇડ લાઇન તેમજ વખતો વખત બહાર પાડવામાં આવતા સરક્યુલર તેમજ સહકાર ખાતા ની વખતો વખત ની સુચનાઓ તેમજ બેંક ના મંજુર થયેલ પેટાનિયમો તેમજ બેંક ના બોર્ડ દ્વારા ઠરાવો થી નક્કી કરવામાં આવ્યા મુજબ બેંક ના મહત્તમ સભાસદો નુ હિત જળવાય તે રીતે કરવાનો રહે છે. બેંક ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા લેવામાં આવતા નિર્ણયો/ઠરાવોના રોજબરોજના અમલીકરણ, દેખરેખ અને નિયંત્રણ ની મુખ્ય જવાબદારી બેંકના ચેરમેનશ્રી, વાઇસ ચેરમેનશ્રી તથા બેંકના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસરશ્રી **(CEO)** (જેનો હવે પછી ટુંક માં **"CEO"** તરીકે ઉલ્લેખ કરેલ છે.} અને જનરલ મેનેજરશ્રી **(GM)** (જેનો હવે પછી ટુંક માં **"GM"** તરીકે ઉલ્લેખ કરેલ છે.) ની સવિશેષ હોય છે. વધુમાં, બેંકના બાયલોઝના નિયમ-૪૧ મુજબ મેનેજિંગ ડિરેક્ટર અને/અથવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર/જનરલ મેનેજરની ફરજો નિર્ધારિત કરવામાં આવેલ છે.જેમાં બેંકના રેકર્ડ અને મિલકતોના કસ્ટોડિયન તરીકે રહેવું, બોર્ડ અને અન્ય કમિટીની મીટીંગમાં હાજર રહેવું, તાબેદારોના કામકાજ પર દેખરેખ રાખવી અને બેદરકારીના કિસ્સાઓ બોર્ડ સમક્ષ ઓર્ડર માટે રજૂ કરવા, હિસાબો અને રજીસ્ટર જાળવવા તેમજ લોન અરજીઓ ચકાસી બોર્ડ

સમક્ષ મૂકવા જેવી મહત્વની ફરજો દર્શાવેલ છે.

જિલ્લા રજિસ્ટ્રાર ઇન્સ્પેકશન સહકારી મંડળીઓ, ટીમ- ૨ રાજકોટ દ્વારા ભાવનગર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. નુ અધિનિયમ ની કલમ-૮૮ મુજબ સને ૨૦૨૪-૨૫ અને સને ૨૦૨૫-૨૬ નુ ઇન્સ્પેકશન હાથ ધરેલ હતુ. સદર ઇન્સ્પેકશન દરમિયાન બેંકના ઉપલબ્ધ રેકર્ડ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા વિવિધ સમિતિઓના ઠરાવો, નાણાકીય હિસાબો, વૈધાનિક ઓડિટના અહેવાલો, નાબાર્ડ દ્વારા કરવામાં આવેલ નિરીક્ષણ, **Information System Audit** સંબંધિત તારણો, **NFSU** દ્વારા કરવામાં આવેલ **Forensic Investigation** તથા ભરતી અને માનવ સંસાધન વ્યવસ્થાપન સંબંધિત દસ્તાવેજો વગેરેની ચકાસણીના અંતે બેંકના ચેરમેન, વાઇસ ચેરમેન તથા બેંકના મુખ્ય અમલીકરણ અધિકારી એવા **CEO** તથા જનરલ મેનેજરશ્રી દ્વારા બેંકના સંચાલન, દેખરેખ, નિયંત્રણ અને બેંકના હિતોના રક્ષણ સંબંધિત ફરજો યોગ્ય રીતે નિભાવવામાં આવેલ ન હોય અધિનિયમ ની કલમ-૭૬(બી) મુજબ કાર્યવાહી હાથ ધરવા અહેવાલ રજુ કરેલ છે.

આ ઉપરાંત બેંક મા કલાર્ક ની ભરતી સંદર્ભે સભ્ય મંડળી દ્વારા કરવામાં આવેલ રજુઆત સબબ અધિનિયમ ની કલમ-૮૬ હેઠળ કરવામાં આવેલ તપાસ અહેવાલ - બેંક માં થયેલ રૂ.૭.૩૪ કરોડ ના સાયબર ફ્રોડ ના કિસ્સામાં અત્રે ની કચેરીને મળેલ વિવિધ રજુઆતો પરત્વે બેંક દ્વારા કરેલ વિવિધ સ્પષ્ટતાઓ ના અંતે અત્રે ની કચેરી ના તારણ દયાને લેતા બેંક ના ચેરમેનશ્રી, વાઇસ ચેરમેનશ્રી, બેંકના **CEO** અને જનરલ મેનેજરશ્રી ની નીચે જણાવેલ ગંભીર ખામીઓ પરત્વે ફરજો તથા જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળતા ધ્યાને આવેલ છે.

**1. IT/CBS Vendor, Cyber Security** તથા **Cyber Fraud** સબંધિત ગંભીર બેદરકારી.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના તા. ૨૨/૦૮/૨૦૨૪ ના ઠરાવ નં. ૧૧(૩) ની વિગત જોતાં બેંકમાં અમલમાં રહેલ **CBS Software** તથા બેંક ના તત્કાલિન વેન્ડર ઇન્ફ્રા સોફ્ટ ની કામગીરી બાબતે ગંભીર ખામીઓ અને જોખમો અગાઉથી બોર્ડ ના ધ્યાને હોવાનુ સ્પષ્ટ થાય છે. સદર ઠરાવમાં **CBS Software** વેન્ડર ની કામગીરી, બેંકને સંભવિત નાણાકીય નુકસાન, બેંકની પ્રતિષ્ઠા ઉપર અસર તથા ગ્રાહકો અને કર્મચારીઓ તરફથી પ્રાપ્ત ફરિયાદો વગેરે બાબતોની ગંભીર નોંધ બોર્ડ દ્વારા લેવામાં આવેલ હતી.

આમ, બેંકના **CBS/IT Environment** તથા સંબંધિત વેન્ડર અંગે ગંભીર જોખમો અગાઉથી બોર્ડ ના ધ્યાને હતા. આમ છતા તા. ૨૨/૧૦/૨૦૨૪ ના ઠરાવ થી અગાઉ લેવામાં આવેલ **CBS/Data Migration** સંબંધિત નિર્ણયમાં ફેરફાર કરી અગાઉના વેન્ડર સાથેની વ્યવસ્થા ચાલુ રાખવા કરાર લંબાવવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મુદ્દો એજન્ડામાં લેવાયેલ ન હતો એટલે અધ્યક્ષ સ્થાનેથી આ મુદો લેવાયેલ છે. આમ, ચેરમેનશ્રી દ્વારા અગાઉના તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજની બોર્ડ મિટીંગમાં થયેલ નિર્ણયની અમલવારી કરવાને બદલે અધ્યક્ષ સ્થાનેથી જ **Acute Informatics Ltd** કંપની સાથે **CBS** સોફ્ટવેર માટે કરાર કરી આપવામાં આવેલ **P.O.** કેન્સલ કરવાનું અને ઇન્ફ્રા સોફ્ટ સાથેનો કરાર લંબાવવા અંગેનો ઠરાવ કરેલ છે અને આ બાબતે તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજની બોર્ડ મિટીંગમાં અગાઉથી ઓળખાયેલા ગંભીર જોખમો અંગે આ અંગે કોઈ ચર્ચા કે નિર્ણય કરેલ નથી. વધુમાં આ નિર્ણય લેતા પહેલાં **Independent Cyber Security Risk Assessment, Vendor Risk Assessment, Privileged Access Review, Remote Access Review, VAPT, Security Architecture Review** તથા **Data Migration Risk Assessment** જેવી જરૂરી ચકાસણીઓ કરવામાં આવેલ ન હોવાનું રેકર્ડ પરથી જણાય છે. આમ, **independent security assessment** વગર ઇન્ફ્રા સોફ્ટ ને ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે અને આ એજન્સી ના સમય માં બેંક માં ૭.૩૪ કરોડ નો ફ્રોડ બનેલ હતો. જો સમયસર આ એજન્સી ને બદલેલ હોત તો સાયબર ફ્રોર્ડ થી બચી શકાત.

બેંકના બોર્ડ નું નેતૃત્વ ચેરમેન અને વાઈસ ચેરમેન શ્રી ના હસ્તક હોય છે. અગાઉથી ગંભીર જોખમોની જાણ હોવા છતાં, બેંકના હિતને ધ્યાનમાં રાખી જરૂરી સાવચેતી, સ્વતંત્ર મૂલ્યાંકન અને જોખમ નિવારણની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી નથી તેવું તપાસ અહેવાલ તથા ઉપલબ્ધ રેકર્ડના આધારે પ્રથમ દ્રષ્ટિએ સ્પષ્ટ થાય છે. આમ ચેરમેન તરીકે બેંક ના હિતોનું રક્ષણ કરવામાં આપ નિષ્ફળ રહેલ છો. બેંકના **CBS Software** તથા **IT Vendor** સંબંધિત રોજિંદી કામગીરી, **Vendor Performance Monitoring** તથા **Technical Risk Assessment** ની ભલામણ કરવી અને તે અંગેની સાચી અને સંપૂર્ણ માહિતી બોર્ડ સમક્ષ સમયસર રજૂ કરવી, એ **CEO** તથા જનરલ મેનેજરની સીધી વહીવટી ફરજ છે . **Independent Cyber Security Risk Assessment, Vendor Risk Assessment, VAPT, Security Architecture Review** જેવી ટેકનિકલ ચકાસણીઓ કરવા-કરાવવાનું કામ **CEO** તથા જનરલ મેનેજર નુ છે, જે તેમના દ્વારા કરાવવામાં આવેલ ન હોવાનું રેકર્ડ પરથી જણાય છે. આમ છતાં. આવી કોઈ સ્વતંત્ર ટેકનિકલ ચકાસણી કરાવ્યા વગર જ ઇન્ફ્રા સોફ્ટ સાથેની વ્યવસ્થા ચાલુ રાખવાની દરખાસ્ત બોર્ડ સમક્ષ મૂકવામાં

આવેલ હતી, જે **CEO** અને **GM** દ્વારા જરૂરી ટેકનિકલ ચકાસણી કર્યા વગર જ કરવામાં આવેલ ગંભીર બેદરકારીનું પ્રત્યક્ષ ઉદાહરણ છે અને તેથી આ મુદ્દે ચેરમેન અને વાઇસ ચેરમેન ની સાથે સાથે **CEO** તથા જનરલ મેનેજરશ્રી પણ એટલા જ અંશે જવાબદાર ઠરે છે.

**2. Cyber Security** સંબંધિત ગંભીર ખામીઓ અને દેખરેખના અભાવ

**NFSU** દ્વારા કરવામાં આવેલ **Forensic Investigation** ના ઉપલબ્ધ તારણો મુજબ બેંકના **IT Environment** માં તા.૦૫/૦૯/૨૦૨૫ થી અનધિકૃત તથા શંકાસ્પદ **Cyber Activity** શરૂ થઈ હતી અને ત્યારબાદ લાંબા સમય સુધી આવી પ્રવૃત્તિઓ ચાલુ રહી હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે. આટલા લાંબા સમય સુધી **malicious** પ્રવુતિ ચાલુ રહેવી માત્ર **preventive controls** ની નિષ્ફળતા નહી પરંતુ નાબાર્ડ ના ઈન્સ્પેકશન તથા **IS Audit** સંબંધિત તારણોમાં પણ **CBS/IT Risk Mitigation,** ઓડિટ ખામીઓ નું નિવારણ, ફ્રોડ મોનીટરીંગ, અર્લી વોર્નીંગ મીકેનીઝમ તથા અન્ય સાયબર કંટ્રોલ માં ખામીઓ નોંધાયેલી હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે.

ઉપરોક્ત બાબતો જોતાં બેંકના **IT** તથા **Cyber Security** સંબંધિત જોખમોનું સમયસર નિરાકરણ, સતત નિરીક્ષણ તથા અસરકારક નિયંત્રણ સુનિશ્ચિત કરવામાં જરૂરી કાળજી રાખવામાં આવી નથી. ચેરમેન તરીકે આપની જવાબદારી માત્ર ટેકનિકલ કામગીરી કરવાની નહોતી પરંતુ બેંકના બોર્ડ મારફતે ગંભીર જોખમો ઉપર જરૂરી દેખરેખ, સમીક્ષા તથા જવાબદારી નક્કી થાય અને જરૂરી સુધારાત્મક પગલાં લેવાય તે સુનિશ્ચિત કરવાની હતી.

આ બાબતમાં ચેરમેન અને વાઇસ ચેરમેનશ્રી દ્વારા અપેક્ષિત સ્તરની દેખરેખ અને નિયંત્રણ રાખવામાં આવ્યું નથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ આ સમગ્ર ઘટનાક્રમના પરિણામે બેંકને આશરે રૂ.૭,૩૪,૯૧,૬૮૨/- નું નાણાકીય નુકસાન થયેલ હોવાનું નોંધાયેલ છે.

સાયબર સિક્યુરીટી મોનીટરીંગ, **Detective Controls** તથા **Incident Response Mechanism** ની અસરકારકતા સુનિશ્ચિત કરવી એ સીધી રીતે આઇ.ટી વિભાગ ના વડા ઉપરી અધિકારી તરીકે **CEO** તથા જનરલ મેનેજરની રોજિંદી વહીવટી જવાબદારીના ક્ષેત્રમાં આવે છે. તા.૦૫/૦૯/૨૦૨૫ થી શરૂ થયેલ અનધિકૃત સાયબર એકટીવીટી લાંબા સમય સુધી શોધી ન શકવી એ **CEO** અને **GM** ના સીધા વહીવટી નિયંત્રણ હેઠળના મોનીટરીંગ તથા અર્લી વોર્નીંગ મીકેનીઝમ ની ગંભીર નિષ્ફળતા દર્શાવે છે. નાબાર્ડ ના **IS Audit** માં નોંધાયેલ ખામીઓના સમયસર નિવારણ અંગે જરૂરી કાર્યવાહી કરવાની જવાબદારી પણ **CEO** અને **GM** ની બનતી હતી, જે બજાવવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે. પરિણામે થયેલ રૂ.૭,૩૪,૯૧,૬૮૨/- ના નાણાકીય નુકસાન બદલ ચેરમેન અને વાઇસ ચેરમેન ની સાથે સાથે **CEO** તથા જનરલ મેનેજરશ્રી પણ સમાન રીતે જવાબદાર ઠરે છે.

**3.** બેંકના નાણાકીય હિસાબોમાં ખોટી આવક નફો દર્શાવવો તથા **NPA Classification**માં ક્ષતિ

બેંક ના વર્ષ ૨૦૨૫-૨૬ ના વૈધાનિક ઓડિટ તથા તપાસ દરમિયાન ઉપલબ્ધ થયેલ નાણાકીય રેકર્ડના પરીક્ષણથી બેંકના નાણાકીય હિસાબો તથા એન.પી. એ માં ગંભીર ખામીઓ ધ્યાને આવેલ છે.

તપાસમાં ખાસ કરીને નીચેની બાબતો નોંધાયેલ છે:-

(ક) **GCC Accounts**

૨૦૨૫-૨૬ ના વૈધાનિક ઓડિટ મુજબ ૨૪૦૧ **GCC** ખાતાઓમાં રુ. ૧૧૬.૧૪ કરોડનું ધિરાણ હતુ જે પૈકી ૫૩૧ ખાતાઓમાં રૂ. ૨૩.૬૦ કરોડની બાકી રકમ હતી. જેમાં ૯૦ દિવસથી વધુ સમયથી વ્યાજ વસૂલાયું ન હતું. છતાં આ ખાતાઓને **NPA** તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા ન હોવાનું રિપોર્ટમાં જણાવેલ છે.

આ ખાતાઓમાં રુ.૧,૨૦,૬૦,૪૭૨/-નું વસુલ ન આવેલ વ્યાજ તરીકે બુક કરવામાં આવ્યું હતું અને રિવર્સ કરવામાં આવ્યું ન હતું. પરિણામે **NPA** ઓછું તથા વ્યાજ ની આવક અને નફો વધુ દર્શાવામા આવેલ છે.

(ખ) અન્ય **Loan** તથા **Cash Credit Accounts**

બેંકમાં કેટલાક ખાતાઓનું નિયમસર એન.પી.એ કલાસીફીકેશન કરવામાં આવ્યું ન હોવાનું તથા **NPA Accounts** નું વ્યાજ આવકમાંથી દૂર કરવામાં આવ્યું ન હોવાનું નોંધાયેલ છે.

તેના પરિણામે રૂ. ૩૯,૮૦,૫૭૯/- જેટલી NPA રકમ ઓછી તથા રૂ ૩૨,૬૮,૫૫૪/- જેટલી આવક/નફો વધુ દર્શાવવામાં આવ્યો હોવાનું નોંધાયેલ છે.

(ગ) **Interest Subvention Receivable**

રૂ.૧,૫૨,૨૦,૫૭૪ /- જેટલી રકમ ખરેખર મળવાપાત્ર ન હોવા છતાં જરૂરી મેળવણુ, માંડવાળ અથવા જોગવાઈ કરવામાં આવ્યું ન હોવાનું તપાસમાં ધ્યાને આવેલ છે.

(ઘ) **ATM/RuPay** ખર્ચ.

રૂ.૫૧,૯૬,૩૩૧ /-ના ખર્ચને યોગ્ય રીતે નફા-નુકસાન ખાતામાં દર્શાવવાને બદલે **Other Assets/Sundry Receivables**માં દર્શાવવામાં આવ્યો હોવાનું નોંધાયેલ છે.

(ચ) **Micro ATM** સંબંધિત **Assets**

૨૦૨૫-૨૬ વર્ષ દરમિયાન રુ ૧,૨૩,૩૬,૯૦૦ /- ના માઈક્રો એ. ટી. એમ ખરીદવામાં આવેલ હતા અને રુ. ૫૯,૪૦,૦૦૦0/-ની ગ્રાન્ટ મળેલી હતી. આમ નેટ કોસ્ટ ૬૩,૯૬,૯૦૦/- હોવા છતાં તેને **Fixed Asset** તરીકે દર્શાવેલ નથી. આમ સદરહુ બાબતે યોગ્ય હિસાબી પધ્ધતિ મુજબ સંપતિ નુ વર્ગીકરણ થયેલ જણાતુ નથી. આથી બેંકના નાણાકીય હિસાબો બેંકની વાસ્તવિક નાણાકીય સ્થિતિને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરતા ન હોવાનું જણાય છે.

ઉપરોક્ત તમામ બાબતો જોતાં બેંકના નાણાંકીય અહેવાલ, આંતરીક નિયંત્રણ તથા નાણાકીય વ્યવસ્થાપન ઉપર જરૂરી અને અસરકારક દેખરેખ રાખવામાં ગંભીર ક્ષતિઓ રહી હોવાનું પ્રથમ દ્દષ્ટિએ પ્રસ્થાપિત થાય છે.

ચેરમેન અને વાઈસ ચેરમેન તરીકે બેંકના નાણાકીય હિતોનું રક્ષણ થાય ગંભીર ઓડિટ અવલોકન ઉપર બોર્ડ દ્વારા સમયસર વિચારણા થાય તથા બોર્ડ દ્વારા સુચવેલ જરૂરી સુધારાત્મક કાર્યવાહી અસરકારક રીતે કરવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આપ નિષ્ફળ રહેલા હોવાનું તપાસ અહેવાલના આધારે પ્રથમ દ્દષ્ટિએ જણાય છે.

બેંકના નાણાકીય હિસાબો, એન.પી.એ નું વર્ગીકરણ, વ્યાજની આવક-ખર્ચની યોગ્ય ગણતરી તથા એકાઉન્ટિંગ પોલિસીના ચુસ્ત પાલનની પ્રાથમિક અને સીધી જવાબદારી **CEO** તથા જનરલ મેનેજરની છે, કારણ કે નાણાકીય હિસાબોની તૈયારી અને એકાઉન્ટ્સ વિભાગ પરની રોજિંદી દેખરેખ તેમના સીધા વહીવટી નિયંત્રણ હેઠળ આવે છે. **GCC Accounts,** અન્ય **Loan/Cash Credit Accounts,Interest Subvention Receivable, ATM/RuPay** ખર્ચ તથા **Micro ATM Assets । Capitalization** સંબંધિત ઉપર જણાવેલ તમામ ક્ષતિઓ મેનેજમેન્ટ ઉપરાંત ઓપરેશનલ એકાઉન્ટિંગ સ્તરની ક્ષતિઓ છે, જે **CEO** અને **GM** ના સીધા વહીવટી નિયંત્રણ હેઠળની બાબતો છે. આમ છતાં આ ક્ષતિઓ સમયસર ઓળખી, સુધારી કે બોર્ડ સમક્ષ યોગ્ય રીતે રજૂ કરવામાં આવેલ નથી, જે **CEO** અને **GM** ની ફરજચૂક અને બેદરકારી સ્પષ્ટપણે દર્શાવે છે.

**4.** નિવૃત્ત અધિકારીઓની પુનઃનિમણૂક તથા ઉચ્ચ હોદ્દાઓ ઉપર સેવા ચાલુ રાખવા બાબત

બેંક દ્વારા બેંકની **HR Policy,** લાયકાત, અને નિયમિત પસંદગી પ્રક્રિયાનું સરેઆમ ઉલ્લંઘન કરી, નિવૃત્તિ વય પૂર્ણ કરી ચૂકેલા અધિકારીઓને વારંવાર મુદતવધારો આપી તેમની મૂળ કેડર કરતાં ઉચ્ચ હોદ્દાઓ પર નિમણૂક આપવામાં આવી છે.

શ્રી આર.ડી સરવૈયા કે જેઓ ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે તા. ૩૧/૦૭/૨૦૨૨ ના રોજ નિવૃત્ત થઈ ચૂક્યા હતા. કોઈ પણ કર્મચારી ને નિવૃત્તિ પછી રાખવાના થાય તો તેઓ જે કેડર માંથી નિવૃત થયેલ હોય તે જ કેડર માં તેમને કરાર આધારિત રાખવાના થાય. આમ છતા તેમને બોર્ડના તા.૨૫/૦૪/૨૦૨૪ ઠરાવ નં. ૪૪ અને ત્યારબાદ તા. ૩૧/૧૨/૨૦૨૪ ના ઠરાવ નં. ૧૦ થી તા. ૩૧/૧૨/૨૦૨૫ સુધી **CEO** મુખ્ય કારોબારી અધિકારી જેવા અતિ મહત્વના પદ પર બેસાડવામાં આવ્યા છે. આ માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી કે કાયદાકીય ચકાસણી કરવામાં આવી નથી.

શ્રી જે.કે. કેવડિયા તા. ૩૦/૦૫/૨૦૨૫ ના રોજ નિવૃત્ત થવાના હોવા છતાં, સ્ટાફ કમિટીના તા. ૨૮/૦૨/૨૦૨૫ ના ઠરાવ નં. ૨ ના નિર્ણય મુજબ નિવૃત્તિના માત્ર ૩ માસ અગાઉ તા. ૦૧/૦૩/૨૦૨૫ થી તેમને ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે નિમણૂક આપવામાં આવી. એટલું જ નહીં, બેંકની સેવાની જરૂરિયાતનું બહાનું ધરી તેઓને બે વર્ષનું એક્સ્ટેન્શન આપવામાં આવ્યું અને તા. ૧૩/૧૧/૨૦૨૫ ના રોજ જનરલ મેનેજર તરીકે નિમણૂક આપી દેવામાં આવી. આમ શ્રી કેવડીયા ને ખુબ જ ટુંકા સમય મા બે પ્રમોશન આપવામાં આવેલ છે. વધુ નિવૃત કર્મચારીને પ્રમોશન આપવાનો પ્રશ્ન જ રહેતો

ન હોય તેમ છતા તેઓ ને જનરલ મેનેજર જેવી ખુબજ મહત્વ ની જગ્યા પર પ્રમોશન આપેલ છે. વધુમા નાબાર્ડના પરિપત્ર મુજબ બઢતી માટે (**Group B to JM II** માટે ૫૦% અને **JM II to JM I** માટે ૨૫%) પરીક્ષા આયોજિત કરવાની ગાઈડલાઈન છે. આમ છતાં, શ્રી કેવડીયાએ કોઈ પરીક્ષા આપ્યા વિના જ, બેંકની એચ.આર. પોલીસીમાં "૬૦% કામગીરીના આધારે પ્રમોશન" ની જોગવાઈનો ગેરવાજબી લાભ લઈ બઢતી મેળવેલ છે.

**CEO** અને **General Manager** જેવા પદો બેંકના આંતરિક નિયંત્રણ અને દેખરેખ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્યના કલમ ૧૬૦ હેઠળના તા. ૧૧-૧૧-૨૦૨૫ ના આદેશ મુજબ, તમામ બેંકોએ નાબાર્ડની ગાઈડલાઈન અને નિર્ધારિત **H.R.** પોલિસી મુજબ જ કામગીરી કરવાની રહે છે અને નામદાર હાઈકોર્ટના પરમાર દિપુભાઈ વિ. રજિસ્ટ્રારના કેસના નિર્દેશોનું પાલન કરવાનું રહે છે. આમ છતાં, બેંકના ચેરમેન તરીકે નિયમિત ભરતી પ્રક્રિયા હાથ ધરવાને બદલે, આપે કોઈપણ કાયદાકીય કે વહીવટી ચકાસણી કરાવ્યા વિના જ આ નિવૃત્ત અધિકારીઓની નિમણૂકની દરખાસ્તો બોર્ડ સમક્ષ રજૂ કરી મંજૂર કરાવી છે. જેનાથી બેંકના અન્ય આંતરિક અધિકારીઓની બઢતીની તકો છીનવાઈ છે અને બેંકના વહીવટી માળખાને ગંભીર નુકસાન પહોંચ્યું છે.

બેંકના મહત્વપૂર્ણ હોદ્દાઓ ઉપર નિયમસર, પારદર્શક અને બેંકના લાંબા ગાળાના હિતમાં યોગ્ય પ્રક્રિયા અનુસરાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી ચેરમેન અને વાઈસ ચેરમેન તરીકે આપની હતી. આવી બાબતોમાં જરૂરી કાયદેસર અને વહીવટી ચકાસણી તથા દેખરેખ સુનિશ્ચિત કરવામાં આપ દ્વારા જરૂરી કાળજી રાખવામાં આવી નથી.

શ્રી આર.ડી. સરવૈયા તથા શ્રી જે.કે. કેવડિયાની પોતાની નિમણૂક, મુદતવધારો તથા બઢતી સંબંધિત દરખાસ્તોના સીધા લાભાર્થી સ્વયં તેઓ પોતે જ હોઈ, આ સમગ્ર પ્રક્રિયામાં તેઓ સ્પષ્ટ હિતોના સંઘર્ષ ની સ્થિતિમાં હતા. શ્રી જે.કે. કેવડીયા એ પોતે તા. ૧૬/૦૫/૨૦૨૩ થી ઈન્ચાર્જ મેનેજર (એડમી) તરીકેનો ચાર્જ સંભાળતા હોવા છતાં, નાબાર્ડના ફરજિયાત પરીક્ષાના નિયમોને નેવે મૂકી, પોતાની જ ગેરકાયદેસર બઢતી અને એક્સ્ટેન્શનની ફાઈલ આગળ વધારી છે. પોતાની નિમણૂક/બઢતી માટે જરૂરી કાયદેસર અને વહીવટી ચકાસણી (સક્ષમ સત્તાધિકારીની મંજૂરી, નાબાર્ડના પરીક્ષાના નિયમોનું પાલન વગેરે) સ્વયં સુનિશ્ચિત ન કરાવવી, અને બોર્ડ સમક્ષ માત્ર "કામગીરી અને અનુભવ" નો ખોટો પાયો રજૂ કરી ગેરવાજબી લાભ મેળવવો, એ તેમની પોતાની ફરજ ચૂક, ગેરવ્યાજબી લાભ મેળવવાની મનસા તથા પોતાના હોદ્દાની સત્તાનો સીધો દુરુપયોગ સમાન ગણાય છે.

આમ, અધિનિયમની કલમ ૭૬(બી) અન્વયે "સત્તાનો દુરુપયોગ" અને "હિતોને નુકસાનકર્તા વર્તન" ના આ ગંભીર મુદ્દે ચેરમેનશ્રી અને વાઈસ ચેરમેન શ્રી ની સાથે સાથે સ્વયં **CEO** તથા જનરલ મેનેજરશ્રી (શ્રી જે.કે. કેવડીયા) પણ સીધી રીતે જવાબદાર અને દોષિત ઠરે છે.

**5.** કલાર્ક ની ભરતી પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતાઓ

સહકારી કાયદા અને બેંકના પેટાનિયમો મુજબ ચેરમેન સંસ્થાના વડા અને સભાસદોના નાણાંના 'ટ્રસ્ટી' છે. એક્ઝિક્યુટિવ કમિટીના ઠરાવ નં. ૧૦ (તા. ૩૦/૧૧/૨૦૨૪) થી ભરતી એજન્સી નક્કી કરવાની અને સમગ્ર પ્રક્રિયા પારદર્શક રીતે થાય તે જોવાની સંપૂર્ણ સત્તા અને જવાબદારી ચેરમેનશ્રીને સોંપવામાં આવી હતી. આમ છતાં, ચેરમેનશ્રી તરીકે તેઓ પોતાની ફરજ બજાવવામાં સદંતર નિષ્ફળ રહ્યા છે અને તેમના સીધા સુપરવિઝન હેઠળ નીચે મુજબની ગંભીર ગેરરીતિઓ આચરવામાં આવી છે.

તા. ૩૦/૧૧/૨૦૨૪ ના એકઝીક્યુટીવ કમિટી ના ઠરાવ નં ૧૦ થી ભરતી માટેની એજન્સી પસંદ કરવાની સત્તા ચેરમેનશ્રીને સોંપવામાં આવી હતી. બેંકે એજન્સી સાથે કરેલા એગ્રીમેન્ટમાં સ્પષ્ટ જોગવાઈ હતી કે "બેંક ભરતીના અમલીકરણની તમામ કામગીરી સુપરવાઈઝ કરી શકશે. "તેમ છતાં, ચેરમેનશ્રી દ્વારા એજન્સીની કાર્યપદ્ધતિનું કોઈ જ વેરિફિકેશન કે સુપરવિઝન કરવામાં આવ્યું નથી. એજન્સી દ્વારા મનસ્વી રીતે નિયમોનો ભંગ થતો રહ્યો, છતાં ચેરમેનશ્રીએ એજન્સી સામે કોઈ જ શિક્ષાત્મક કે સુધારાત્મક પગલાં લીધા નહીં

ભરતીમાં લેવાયેલ લેખિત પરીક્ષાની **OMR** શીટ પર ઉમેદવારોના નામ અને મોબાઈલ નંબર લખાવવામાં આવ્યા. આ પદ્ધતિથી ઉમેદવારોની ઓળખ છતી થઈ ગઈ, જે સીધી રીતે ગેરરીતિ અને સગાવાદને ઉત્તેજન આપનારી બાબત છે. એજન્સીની આ ગંભીર ક્ષતિ પર ચેરમેનશ્રીએ જાણીજોઈને આંખ આડા કાન કર્યા છે.

બેંકની **HR** પોલિસી મુજબ લેખિત અને મૌખિક પરીક્ષાનો ગુણભાર ૫૦:૫૦ રાખવાનો હતો. પરંતુ લેખિત પરીક્ષા પૂર્ણ થયા બાદ, કોઈપણ પ્રકાર ની બોર્ડ ની મંજુરી મેળવ્યા સિવાય ગુણભાર બદલીને ૬૦:૪૦ કરવામાં આવેલ છે.

બેંકનો સ્પષ્ટ ઠરાવ હતો કે લેખિતમાં ૫૦ થી વધુ ગુણ લાવનારને જ ઇન્ટરવ્યુમાં બોલાવવા. તેમ છતાં, ૫૦ થી ઓછા ગુણ ધરાવતા ઉમેદવારોને ઇન્ટરવ્યુમાં બોલાવાયા. એટલું જ નહીં. આવા અયોગ્ય ઉમેદવારો પૈકી ૨ ઉમેદવારોનો ફાઈનલ સિલેક્શન લિસ્ટ (ટોપ-૧૦૦) માં સમાવેશ પણ કરી દેવામાં આવ્યો. ચેરમેનશ્રી તરીકે મુક સંમતિ આપેલ હોવાનુ જણાય છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સમક્ષ તા. ૧૧/૦૩/૨૦૨૫ ના રોજ સિલેક્શન લિસ્ટ રજૂ થયું ત્યારે ઉમેદવારોની લાયકાત (ઉંમર અને ટકાવારી) જાહેરાત મુજબ છે તેની ચકાસણી કરી/કરાવી યાદી બોર્ડ સમક્ષ રજુ કરવાની જવાબદારી ચેરમેનની હતી. પરંતુ તે ચકાસ્યા વિના જ ઉંમર બાધ ધરાવતા (શ્રી ધાર્મિક મોરી, શ્રી દર્શનભાઈ અગોલા) અને ઓછી ટકાવારી ધરાવતા (શ્રી મિતલકુમાર ધાંધલ્યા - ૪૮ % અને શ્રી પાર્થ મેર - ૪૬.૯૩%) ઉમેદવારોને ક્લાર્ક તરીકે નિમણૂક આપી દેવામાં આવી અને ૧૧ મહિના પછી ભૂલ સમજાતા આ કર્મચારીઓને ફરજમુક્ત કરાયા, પરંતુ તરત જ બેંકની કોઈ સત્તા કે નવી જાહેરાત વિના તેમને "પટાવાળા" (Peon) તરીકે બેંકમાં ગોઠવી દેવામાં આવ્યા. આ બાબત હોદ્દેદારોના સગા-સંબંધીઓને પાછલા બારણેથી નોકરીએ રાખવાનો સ્પષ્ટ ઇરાદો દર્શાવે છે.

બેંકની નવી HR પોલિસી બોર્ડ દ્વારા તા. ૨૮/૦૨/૨૦૨૫ ના રોજ મંજૂર કરવામાં આવી હતી. છતાં, તે મંજૂર થાય તે પહેલાં જ તા. ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ નવી પોલિસી મુજબ ભરતીની જાહેરાત આપી દેવામાં આવી, જે ગેરકાયદેસર છે.

તા. ૦૬/૦૯/૨૦૨૪ ના રોજ ની બોર્ડ મિટીંગ મા HR POLICY ની નોંધ લેવામાં આવેલ હતી તેમા બોર્ડે સદરહુ પોલીસી ને મંજુરી આપેલ ન હતી. બેંક ના બોર્ડે HR POLICY ને તા. ૨૮/૦૨/૨૦૨૫ ના રોજ જ મંજુરી આપેલ છે. આમ છતા બેંક ની ભરતી સંદર્ભે નામદાર હાઈકોર્ટ મા દાખલ થયેલ SCA નં ૩૨૨૯/૨૦૨૫ માં "HR પોલિસી તા. ૦૬/૦૯/૨૦૨૪ ના રોજ મંજૂર થઈ ગઈ હતી" તેવુ એફિડેવીટ રજુ કરવામાં આવેલ હતુ. (જ્યારે તે દિવસે માત્ર નોટિસ લેવાઈ હતી, મંજૂરી નહોતી મળી). ચેરમેનશ્રીના વહીવટ હેઠળ કોર્ટને ગુમરાહ કરવાનું આ કૃત્ય અક્ષમ્ય અને કાયદાકીય ગુનો બને છે.

સંસ્થાના મુખ્ય વહીવટી વડાઓ તરીકે ભરતી પ્રક્રિયામાં સમાન તક, પારદર્શિતા અને મેરિટ જાળવવાની સર્વોચ્ચ ફરજ ચેરમેનશ્રી અને વાઇસ ચેરમેનશ્રી ની હતી. પરંતુ ઉપરોક્ત વિગતો સ્પષ્ટ કરે છે કે ચેરમેનશ્રી અને વાઇસ ચેરમેનશ્રી એ સત્તાનો દુરુપયોગ કરી, લાગતા-વળગતાઓને નોકરી આપવા માટે એજન્સી સાથે મળીને નિયમોના ખુલ્લા ઉલ્લંઘનને પ્રોત્સાહન આપ્યું છે. તેમની આ ઘોર બેદરકારીથી સહકારી સંસ્થાની ગરિમા અને સભાસદોના હિતોને ભારે નુકસાન થયું છે.

શ્રી મિત્તલકુમાર ધાંધલ્યા બેંક ના વાઇસ ચેરમેનશ્રી કાંતિલાલ સી.ધાંધલ્યા ના પુત્ર છે.વાઇસ ચેરમેન તરીકે તેઓ બોર્ડ ઓફ ડીરેક્ટરસ ની તા.૧૧/૦૩/૨૦૨૫ ની બેઠક માં હાજર હોયજ તેઓ સારી રીતે જાણતા હતા કે તેમનો પુત્ર નિયત લાયકાત ધરાવતો નથી આમ છતાં તેમણે પોતાના અંગત હિત અને સગાવાદ ખાતર આ બાબત બોર્ડ સમક્ષ છુપાવેલ હતી અને પોતાના હોદ્દા અને પ્રભાવ નો ઉપયોગ કરી ને લાયકાત ન ધરાવતા પુત્ર ને બીન કાયદેસર રીતે બોર્ડ ની મંજુરી મેળવી આપી બેંક માં નોકરી પર રખાવેલ છે. વાઇસ ચેરમેન નુ આ કૃત્ય સહકારી બેંક ના હિત વિરુધ્ધ નુ ગંભીર ગેરરીતી, સત્તા નો દુરૂપયોગ અને હોદા ની મર્યાદાનો ભંગ દર્શાવે છે.નિયમ મુજબ લાયકાત ન ધરાવતા ઉમેદવાર ની ભરતી કરાવવી એ લાયક ઉમેદવારો સાથે અન્યાય છે અને તે બેંક ના વ્યવસાય પર પ્રતિકૂલ અસર પાડનાર છે.

ભરતી પ્રક્રિયાનું રોજિંદુ સંચાલન, ભરતી એજન્સી સાથેનું સંકલન, OMR શીટ ની ડિઝાઇન, ગુણભારમાં ફેરફાર, ઇન્ટરવ્યુ માટે ઉમેદવારોની પસંદગી-યાદી તૈયાર કરવી તથા સિલેક્શન લિસ્ટની ઉંમર/ટકાવારી મુજબની ચકાસણી કરવી-કરાવવી તેની મુખ્ય જવાબદારી પણ સીધી વહીવટી/એક્ઝિક્યુટિવ કક્ષાની કામગીરી છે, જે સામાન્ય રીતે CEO તથા જનરલ મેનેજરના સીધા નિયંત્રણ અને દેખરેખ હેઠળ થાય છે. એક્ઝિક્યુટિવ કમિટીના ઠરાવ નં. ૧૦ (તા. ૩૦/૧૧/૨૦૨૪) મુજબ ભરતી પ્રક્રિયાની સર્વોચ્ચ સુપરવિઝનની સત્તા ચેરમેનશ્રીને સોંપાયેલ હોવા છતાં, વહીવટી કક્ષાએ એજન્સીની રોજિંદી કામગીરી ચકાસવી, ગુણભારમાં થયેલ ફેરફાર જેવી બાબતો સમયસર બોર્ડ સમક્ષ લાવવી તથા ઉંમર/ટકાવારીની ચકાસણી કરવી-કરાવવી એ CEO અને GM ની જવાબદારીના ક્ષેત્રમાં આવે છે, જે તેમના દ્વારા બજાવવામાં આવેલ નથી. વધુમાં, નામદાર હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ એફિડેવીટ માટે જરૂરી તથ્યોની ચકાસણી અને રજૂઆત સામાન્યતઃ બેંકના વહીવટી કાનૂની વિભાગ મારફતે CEO અને GM ના નિયંત્રણ હેઠળ થાય છે. જેની જવાબદારીમાંથી પણ તેઓ મુક્ત થઈ શકે નહીં. આમ, ભરતી પ્રક્રિયામાં થયેલ ઉપરોક્ત તમામ ગેરરીતિઓ બદલ ચેરમેનશ્રી અને વાઇસ ચેરમેનની સાથે સાથે CEO તથા જનરલ મેનેજરશ્રી પણ એટલા જ અંશે જવાબદાર ઠરે છે.

બેંક એક નાણાકીય સંસ્થા છે અને તેમાં જમા કરનારાઓ, સભાસદો, પેકસ, ખેડૂતો તથા અન્ય હિતધારકોના નાણાકીય હિતો સંકળાયેલા છેબેંકના

ચેરમેન વાઇસ ચેરમેન, CEO તથા જનરલ મેનેજર તરીકે કાર્યરત વ્યક્તિઓ પાસેથી બેંકના હિતોનું રક્ષણ, યોગ્ય વહીવટ, નાણાકીય શિસ્ત, પારદર્શિતા તથા અસરકારક દેખરેખની અપેક્ષા રાખવામાં આવે છે.

જિલ્લા રજિસ્ટ્રાર ઈન્સ્પેક્શન દ્વારા કરવામાં આવેલ તપાસ તથા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ની કલમ ૮૬ મુજબ ભરતી બાબતે તપાસ સુપરત કરેલ તપાસણી અધિકારીશ્રીના તારણો તથા ઉપરોક્ત ગંભીર બાબતોના આધારે એવું પ્રથમ દૃષ્ટિએ પ્રસ્થાપિત થાય છે કે બેંક ના ચેરમેન,વાઇસ ચેરમેન તથા બેંકના CEO અને જનરલ મેનેજરશ્રી દ્વારા તેમને સોપવામાં આવેલ ફરજો યોગ્ય રીતે નિભાવવામાં આવી નથી અને બેંકના સંચાલનના વિવિધ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં જરૂરી દેખરેખ અને નિયંત્રણનો અભાવ રહ્યો છે.

ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં લેતા બેંક ના ચેરમેન, વાઇસ ચેરમેન તથા CEO અને જનરલ મેનેજરશ્રીને પોતપોતાના હોદ્દા ઉપર ચાલુ રાખવું બેંકના હિત, યોગ્ય સંચાલન તથા સભાસદો અને અન્ય હિતધારકોના હિતના સંરક્ષણની દૃષ્ટિએ યોગ્ય છે કે કેમ તે અંગે ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

તપાસ અહેવાલના તારણો અને ઉપલબ્ધ સાધનિક દસ્તાવેજોના આધારે પ્રથમ દૃષ્ટિએ એવું માનવા માટે પૂરતું કારણ ઉપલબ્ધ છે કે બેંક ના ચેરમેન, વાઇસ ચેરમેન તથા બેંકના CEO અને જનરલ મેનેજરશ્રી દ્વારા ટોપ મેનેજમેન્ટ તરીકેની ફરજો અને જવાબદારીઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું નથી જેથી તેઓનું અનુક્રમે ચેરમેન, વાઇસ ચેરમેન, CEO તથા જનરલ મેનેજર તરીકે ચાલુ રહેવું બેંકના હિતમાં નથી.

ઉપરોક્ત તમામ ગંભીર અનિયમિતતાઓ અને તપાસ અહેવાલના તારણોનું સંકલિત મૂલ્યાંકન કરતાં સ્પષ્ટપણે ફલિત થાય છે કે, અધિનિયમ ની કલમ-૭૬(બી) માં દર્શાવેલ જોગવાઈઓ આ કિસ્સામાં ચેરમેનશ્રી તથા વાઇસ ચેરમેન શ્રી ના સંદર્ભમાં સીધી રીતે આકર્ષાય છે. કલમ-૭૬(બી) મુજબ જ્યારે કોઈ હોદ્દેદાર પોતાની કાયદેસરની ફરજો બજાવવામાં "સતત નિષ્કાળજી" દાખવે. પોતાના હોદ્દાની "સત્તાનો દુરુપયોગ" કરે અથવા તેમનું વર્તન મંડળી કે સભાસદોના "હિતને નુકસાનકર્તા" હોય, ત્યારે તેમની સામે કાર્યવાહી થઈ શકે છે. ચેરમેન તથા વાઇસ ચેરમેન તરીકે બેંકના સર્વોચ્ચ હોદ્દેદાર અને સભાસદોના નાણાંના 'ટ્રસ્ટી' તરીકે આપ આ તમામ કાનૂની અને નૈતિક ફરજો બજાવવામાં સદંતર નિષ્ફળ રહ્યા છો. તદુપરાંત, ઉપર દર્શાવેલ પ્રત્યેક મુદ્દામાં જણાવ્યા મુજબ, બેંકના મુખ્ય અમલીકરણ અધિકારી તરીકે CEO શ્રી આર.ડી સરવૈયા તથા જનરલ મેનેજર શ્રી જે.કે. કેવડિયા દ્વારા પણ પોતાની વહીવટી ફરજો સતત નિષ્કાળજીપૂર્વક, પોતાના હોદ્દાની સત્તાનો દુરુપયોગ કરી તથા બેંક/સભાસદોના હિતને નુકસાનકર્તા રીતે બજાવવામાં આવેલ હોવાનું પ્રથમ દૃષ્ટિએ સ્પષ્ટ થાય છે.

સાયબર સુરક્ષા જેવા ગંભીર જોખમોની અગાઉથી બોર્ડને જાણ હોવા છતાં, બોર્ડના અગાઉના ઠરાવ વિરુદ્ધ જઈને વેન્ડર અંગે અધ્યક્ષસ્થાનેથી એકહથ્થુ નિર્ણય લેવો તથા CEO અને GM દ્વારા જરૂરી સ્વતંત્ર ટેકનિકલ ચકાસણી કરાવ્યા વગર જ તેને સમર્થન આપવું. જેના પરિણામે બેંકને રૂ. ૭.૩૪ કરોડથી વધુનું માતબર આર્થિક નુકસાન થયું, તે ચેરમેનશ્રી અને વાઈસ ચેરમેનશ્રી તથા CEO અને GM ની ફરજમાં રહેલી "સતત નિષ્કાળજી" નો સીધો અને સચોટ પુરાવો છે. તદુપરાંત બેંકના નાણાકીય હિસાબોમાં ખોટી આવક દર્શાવી રિઝર્વ બેંકના ધારાધોરણોનો ખુલ્લો ભંગ કરવો (જે સીધું CEO અને GM ના વહીવટી નિયંત્રણ હેઠળનું ક્ષેત્ર છે), નિવૃત્ત થઈ ચૂકેલા સ્વયં પોતાના જ માનીતા અધિકારીઓને બેંકના હિતો નેવે મૂકીને CEO અને GM જેવા અતિ મહત્વના સ્થાને બેસાડવા/બેસવા દેવા, ૮૦ ક્લાર્કની ભરતીમાં એજન્સી પર દેખરેખ ન રાખીને સગાવાદ, મેરિટનો ભંગ તથા પરીક્ષાની ગુપ્તતાનો નાશ કરી સત્તાનો ખુલ્લો દુરુપયોગ કરવો, વાઇસચેરમેનશ્રી દ્વારા પોતાના પુત્ર ની લાયકાત ન હોવા છતાં બેંક મા નોકરી આપવી એટલું જ નહીં, આ ગેરરીતિઓ છુપાવવા માટે નામદાર હાઇકોર્ટમાં નવી એચ.આર. પોલિસી અંગે ખોટું સોગંદનામું રજૂ કરવા સુધીનું અક્ષમ્ય કાનૂની કૃત્ય આચરવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે ચેરમેનશ્રી, વાઇસ ચેરમેન શ્રી, CEO તથા જનરલ મેનેજરશ્રી ની સંયુક્ત કામગીરી બેંકના હિતોને સીધું અને ગંભીર નુકસાન પહોંચાડનારી રહી છે.

જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક એ ખેડૂતો, થાપણદારો અને હજારો સભાસદોના વિશ્વાસ અને નાણાંથી ચાલતી લોકશાહી નાણાકીય સંસ્થા છે. ચેરમેનશ્રી, વાઇસ ચેરમેન શ્રી તથા બેંકના મુખ્ય અમલીકરણ અધિકારી તરીકે CEO અને GM ના ઉપરોક્ત મનસ્વી કૃત્યો અને નિષ્ફળતાઓએ બેંકની નાણાકીય શિસ્ત, પારદર્શિતા અને આંતરિક નિયંત્રણ વ્યવસ્થાને નષ્ટ કરી છે. આ સંજોગોમાં, જો તેમને પોતપોતાના હોદ્દા પર ચાલુ રાખવામાં આવે તો તે બેંક, તેના સભાસદો અને જાહેર હિત માટે અત્યંત જોખમકારક અને પ્રતિકૂળ જણાય છે.

આથી, ઉપરોક્ત ગંભીર ખામીઓ, કાયદાકીય ઉલ્લંઘનો અને વહીવટી ગેરરીતિઓને ધ્યાને લઈ. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૭૬-બી અન્વયે બેંક ના ચેરમેન શ્રી રસીકભાઇ આંબાભાઇ ભીંગરાડીયા તેમજ વાઇસ ચેરમેન શ્રી કાંતિલાલ સી ધાંધલ્યા ને ભાવનગર જિલ્લા

મધ્યસ્થ સહકારી બેંક લિ ના બોર્ડ ઓફ ડિરેક્ટરના હોદ્દા પરથી શા માટે તાત્કાલિક અસરથી દૂર ન કરવા. તથા ઉપરોક્ત તમામ મુદ્દાઓમા પ્રત્યેકમા વિગતવાર દર્શાવ્યા મુજબ સમાન રીતે જવાબદાર ટોપ મેનેજમેન્ટ ના અધિકારીઓ તરીકે બેંકના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર **(CEO)** શ્રી આર.ડી. સરવૈયા તથા જનરલ મેનેજર **(GM)** શ્રી જે.કે. કેવડિયા સામે પણ કલમ ૭૬-બી ની જોગવાઈ મુજબ તેમના હોદ્દા પરથી દૂર કરવા સહિતની કાર્યવાહી કેમ હાથ ધરવામાં ન આવે તે બાબતનો લેખિત અને સંતોષકારક ખુલાસો આધાર-પુરાવા સાથે તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે અત્રેની કચેરી માં ઉપર ના સરનામે રુબરુ હાજર રહી અથવા પોતાના અધિકૃત પ્રતિનિધિ મારફતે રજૂ કરવા જણાવવામાં આવે છે.

ઉક્ત જણાવેલ તારીખે આપની ગેરહાજરી થી આપ આ બાબતે કોઈ બચાવ કે ખુલાસો કરવા માંગતા નથી તેમ માની કાયદાકીય જોગવાઈઓ અનુસાર અધિનિયમ ની કલમ ૭૬-બી તથા લાગુ પડતી અન્ય જોગવાઈઓ હેઠળ આપની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવા સુચના છે.

**e-sign**
રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ,ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

પ્રતિ,
(૧) શ્રી રસીકભાઈ આંબાભાઈ ભીંગરાડીયા**(By RPAD)**
ચેરમેન, ધી ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓપ્રેટીવ બેંક લી.ભાવનગર.
ઠે.૧૩, ગંગાજળીયા તળાવ, સહકારભવન,પો.બો.૮૨, ભાવનગર.
(૨) શ્રી કાંતિલાલ સી. ધાંધલ્યા**(By RPAD)**
વાઈસ ચેરમેન, ધી ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓપ્રેટીવ બેંક લી.ભાવનગર.
ઠે.૧૩,ગંગાજળીયા તળાવ, સહકારભવન, પો.બો.૮૨, ભાવનગર.
(૩) શ્રી આર.ડી.સરવૈયા **(By RPAD)**
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર, ધી ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓપ્રેટીવ બેંક લી.ભાવનગર.
ઠે.૧૩, ગંગાજળીયા તળાવ, સહકારભવન, પો.બો.૮૨, ભાવનગર.
(૪) શ્રી જે.કે.કેવડીયા**(By RPAD)**
જનરલ મેનેજર,ધી ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓપ્રેટીવ બેંક લી.ભાવનગર.
ઠે.૧૩, ગંગાજળીયા તળાવ, સહકારભવન, પો.બો.૮૨, ભાવનગર.

નકલ રવાના:

પ્રતિ,
જીલ્લા રજીસ્ટ્રારશ્રી,
સહકારી મંડળીઓ, ભાવનગર.
૨/- નોટીસ ની રૂબરૂ માં બજવણી કરી બજવણી રીપોર્ટ રજુ કરવા સારૂ.

*Signature Not Verified*
*Signed by:Bharat Joshi*
*REGISTRAR*
*Date:2026.09.19*
*16:28:14 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*